# જાહેરનામું

પોલીસ કમિશનર અમદાવાદ શહેરના હુકમ ક્રમાંક: ગ/ઉપક/ટ્રાફીક/૨૦/૨૦૨૦, તા.૧૯/૧૧/૨૦૨૦

હું, સંજય શ્રીવાસ્તવ, IPS, પોલીસ કમિશનર, અમદાવાદ શહેર, મને ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની પેટા કલમ ૩૩ (૧) (બી) (સી) તથા ગુજરાત મોટર વાહન નિયમો ૧૯૮૯ ના નિયમ ૨૦૭ અંતર્ગત મળેલી સત્તા અન્વયે અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત તા.૧૬/૧૧/૨૦૨૧ સુધી ટ્રાફીક સુચારુ રીતે ચાલે અને ટ્રાફીકની કોઇ સમસ્યા ઉદભવે નહી તે હેતુસર નીચે મુજબનો રસ્તો બંધ /ડાયવર્ઝન કરવા અને નો-પાર્કિંગ ઝોન જાહેર કરવા અંગેનો હુકમ કરૂ છું.

**હુકમ :-**

અમદાવાદ શહેરમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત ૧૩૨ ફુટ રોડ ઉપર અખબારનગરથી રાણીપ તરફ જતાં રસ્તા ઉપર વાડજ એ.એમ.ટી.એસ ટર્મિનલ પછી આવેલ શિવમ એપાર્ટમેન્ટના કોટના પશ્ચિમ ખુણા પાસે આવેલ સ્માર્ટ પબ્લીક ટોયલેટ (અક્ષાંશ ૨૩.૦૬૭૬૨૨, રેખાંશ ૭૨.૫૬૩૧૦૩) તથા વ્યાસવાડી તરફ શિવમ એપાર્ટમેન્ટના કોટના પુર્વ છેડા (અક્ષાંશ ૨૩.૦૬૭૬૯૨, રેખાંશ ૭૨.૫૬૫૦૯) ખાતે બેરીકેડીંગ કરી રસ્તો તા.૧૬/૧૧/૨૦૨૧ સુધી બંધ કરવામાં આવનાર છે એટલે કે ફક્ત શિવમ એપાર્ટમેન્ટના સ્થાનિક રહીશોના વાહનોને આવવા જવા માટે બેરીકેડ ખોલવામાં આવશે પરંતુ તેના સિવાયના તમામ પ્રકારના વાહન વ્યવહાર માટે રસ્તો બંધ રહેશે.

**વૈકલ્પિક માર્ગ :**

- અખબારનગર સર્કલથી વ્યાસવાડી ચાર રસ્તા થઈ રાણીપ તરફ જતાં વાહનો અખબારનગરથી જમણી બાજુ સર્પાકાર ટર્ન લઇ વ્યાસવાડી થી અખબારનગર તરફ આવતા રોડ ઉપર સીધા જઈ વ્યાસવાડી ચાર રસ્તાથી ડાબી બાજુ સર્પાકાર ટર્ન લઈ તેના નિયમીત રૂટ ઉપર રાણીપ તરફ જઈ શકાશે.
- વ્યાસવાડી ચાર રસ્તાથી અખબારનગર સર્કલ તરફ જવા માટે વ્યાસવાડી ચાર રસ્તાથી અંદાજીત ૫૦ મીટર આગળ અંકિતા ભાજીપાંઉ ત્રણ રસ્તા (અક્ષાંશ ૨૩.૦૬૭૪૮૭, રેખાંશ ૭૨.૫૬૬૧૮૪) થી ડાબી બાજુ વળી સોનલ પાર્ક રોડથી ભીમજીપુરા રોડ ઉપર આવેલ કલાવતી સેન્ટર ત્રણ રસ્તા (અક્ષાંશ ૨૩.૦૬૫૮૮૨, રેખાંશ ૭૨.૫૬૩૪૦૩) થી જમણી બાજુ વળી સીધા અખબારનગર સર્કલ જઈ શકાશે.

તેમજ ઉક્ત ડાયવર્ઝનવાળો સમગ્ર રૂટ 'નો-પાર્કિંગ ઝોન' રહેશે.

આ જાહેરનામુ ફાયરબ્રિગેડ, એમ્બ્યુલન્સ સેવાઓ તથા સરકારી વાહનોને કામગીરી દરમિયાન લાગુ પડશે નહિ.

આ જાહેરનામાનો અમલ જાહેરનામું પ્રસિદ્ધ થયેથી તા.૧૬/૧૧/૨૦૨૧ સુધી કરવાનો રહેશે.

આ જાહેરનામાના આદેશોનું ઉલ્લંઘન કરનાર ઇસમ ભારતીય ફોજદારી ધારા કલમ ૧૮૮ અને ગુજરાત પોલીસ અધિનિયમ કલમ ૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતાં સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રીના દરજ્જાથી પોલીસ કોન્સ્ટેબલ સુધીનો હોદ્દો ધરાવનાર તમામ અધિકારી/કર્મચારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો. કલમ-૧૮૮ તથા ગુજરાત પોલીસ અધિનિયમ કલમ-૧૩૧ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧૯/૧૧/૨૦૨૦ એ મેં મારી સહી તથા સિક્કો કરી આપેલ છે.

તા. ૧૯/૧૧/૨૦૨૦
અમદાવાદ શહેર

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશનર
અમદાવાદ શહેર

**નકલ સવિનય રવાના :**

(૧) મેનેજરશ્રી ગવર્નમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા

૨/– ગુજરાત ગર્વમેન્ટ ગેજેટ પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨) અગ્ર સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

(૩) પોલીસ મહનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુ.રા. પોલીસ ભવન,ગાંધીનગર.

(૪) કલેકટરશ્રી,જીલ્લા કલેકટરની કચેરી, સુભાષબ્રીજ, અમદાવાદ શહેર.

(૫) અમદાવાદ રજીસ્ટ્રારશ્રી હાઇકોર્ટ,

રજીસ્ટ્રારશ્રી સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

રજીસ્ટ્રારશ્રી સેશન્સ કોર્ટ , અમદાવાદ શહેર

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી અમદાવાદ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અ.મ્યુ.કો., અમદાવાદ શહેર.

(૭) પબ્લીક પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૮) સીનીયર પોલીસ પ્રોસીક્યુટરશ્રી,અમદાવાદ શહેર

(૯) માહિતી નિયામકશ્રી સચિવાલય,ગાંધીનગર (૨ નકલ)

૨/– જાણ સારૂ અને દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરાવવા સારૂ.

**<u>નકલ રવાના :–</u>**

(૧) સંયુક્ત/અધિક પોલીસ કમિશનરશ્રી,સેકટર–૧ અને ૨, ટ્રાફીક તથા મુખ્ય મથક,વિશેષ શાખા, વહીવટ, અમદાવાદ શહેર

(૨) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૩) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ અમદાવાદ શહેર.

(૪) જનસંપર્ક અધિકારીશ્રી કંટ્રોલ રૂમ,અમદાવાદ શહેર

૨/– જાણ સારૂ દૈનિક પત્રોમાં દુરદર્શન, આકાશવાણી ઉપર પ્રસિધ્ધ કરવા સારુ.

(૫) તમામ પોલીસ ઇન્સ્પેકટરશ્રીઓ........................................ અમદાવાદ શહેર

૨/– જાણ સારૂ તેમજ પો.સ્ટે. વિસ્તારમાં જાહેરાત માટે અને સખત અમલ થાય તેની તકેદારી રાખવા સારૂ.

(૬) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, ટ્રાફીક બ્રાન્ચ,અમદાવાદ શહેર (૮ નકલ)

૨/– ટ્રાફીક મોબાઇલ વાન મારફતે જાહેરનામાની જાહેરાત કરવા સારૂ.